નં.એસજીજીયું/જોડાણ/૨૦૨૩/૭૬૪૪ તા. ૧૧/૧૦/૨૦૨૩

પ્રતિ,
પ્રમુખશ્રી/આચાર્યશ્રી,
આર.એમ.એસ. કોલેજ ઓફ નર્સિંગ,
મુ. બાકરોલ, આજવા-નીમેટા રોડ,
હનુમાનપુરા સામે, તા.વાઘોડીયા,
જિ. વડોદરા.

વિષય: બી.એસસી. નર્સિંગ સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રથમ વર્ષનું શરતી ધોરણે નવું જોડાણ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે આપને જણાવવાનું કે, આપની કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે બી.એસસી. નર્સિંગ સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ મેળવવા અરજી કરેલ હતી. જે સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા નિમાયેલ સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સ્થળ તપાસ કરી, હકારાત્મક અહેવાલ રજુ કરેલ છે. આ યુનિવર્સિટીની એકેડમિક કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ આપની કોલેજના બી.એસસી. નર્સિંગ સ્વનિર્ભર અભ્યાસક્રમનું 30 ઇન્ટેક મુજબનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રથમ વર્ષનું શરતી ધોરણે નવું જોડાણ નીચેની શરતપૂર્તતા દિન-30માં કરવાની શરતને આધીન મંજુર કરવામાં આવે છે.

- યુનિવર્સિટી જોડાણની શરતોમાં આપના દ્વારા આપવામાં આવેલ બાહેંધરી પત્ર મળ્યાના ૧ મહિનામાં પૂર્તતા કરવાની રહેશે.
- આપના દ્વારા આપની કોલેજના ઉપરોક્ત અભ્યાસક્રમની સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી શિક્ષણ વિભાગ ખાતેથી મેળવી, યુનિવર્સિટી ખાતે રજુ કરવાનું રહેશે.
- ગુજરાત નર્સિંગ કાઉન્સિલ અને યુનિવર્સિટી દ્વારા મંજુર કરવામાં આવેલ ઇન્ટેક કરતા વધારે વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે નહી.
- ગુજરાત નર્સિંગ કાઉન્સિલ અને યુનિવર્સિટી નિયમાનુસાર લાયકાત ધરાવતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિમણુંક કરી, યુનિવર્સિટીની એપ્રુવલ ૧ માસ માં મેળવવાની રહેશે.
- સદર અભ્યાસક્રમ માટે લાઈબ્રેરી ખાતે વિષયોને અનુરૂપ પુસ્તકો, સંદર્ભ પુસ્તકો અને જર્નલ્સ ખરીદ કરવા.
- લેબોરેટરી ખાતે સદર અભ્યાસક્રમ માટે જરૂરી એડવાન્સ નર્સિંગ લેબના ડમી મંગાવવા.
- AISHE પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું.
- ફાયર વિભાગની એન.ઓ.સી. મેળવવી.
- વુમન ડેવલોપમેન્ટ સેલ, એસ.સી.-એસ.ટી. સેલ, એન્ટી રેગીંગ સેલ કાર્યરત કરવા.

- ગુજરાત રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ તેમજ ત્યારબાદ વખતોવખતના ઠરાવની જોગવાઈ અનુસાર આપના ટ્રસ્ટ દ્વારા ઉપર્યુક્ત અભ્યાસક્રમના નવા જોડાણની ભલામણના ભાગરૂપે રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી તેમજ પ્રમુખશ્રીના નામની રૂ.૧૦,૦૦,૦૦૦/-ની ફિક્સ ડીપોઝીટ ૬ વર્ષની મુદ્દત માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં પત્ર મળ્યાના દિવસ-૭માં મુકવાની રહેશે તેમજ શિક્ષણ વિભાગ દ્વારા સુચના મળ્યેથી અન્ય ફિક્સ ડીપોઝીટ યુનિવર્સિટી ખાતે જમા કરાવવા બંધનકર્તા રહેશે.

રાજ્ય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ, સદરહુ અભ્યાસક્રમના નવા જોડાણ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા